ક્રમાંક:જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૨૨/૨૩
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૦૭/૧૦/૨૦૧૩

// પરિપત્ર //

વિષય: ગાંધીનગર વિજાણું વસાહતમાં "વોક-વે" તરીકે નીમ થયેલ જગ્યા/પ્લોટને લગત પ્લોટ તરીકે ફાળવણીમાં ગણવા બાબત.
સંદર્ભ: નિગમની ૪૭૪ મી સભા તા.૧૨/૦૯/૨૦૧૩ માં પસાર થયેલ ઠરાવ ક્રમાંક : ૯૬/વિતરણ/૪૭૪/૨૦૧૩, તા. ૧૫/૦૩/૨૦૧૩

હયાત એકમના વિસ્તરણ માટે લગત પ્લોટ તરીકે "વોક-વે" તરીકે જો કોઇ જમીન વસાહતમાં નીમ થયેલ હોય પરંતુ પછીથી તેનો ઉપયોગ "વોક-વે" તરીકે જરૂરી ન હોય તેવા પ્રકારની "વોક-વે" ની જમીન હયાત ઉદ્યોગકારના પ્લોટને અડીને આવેલ હોય તો તેવા જ ફાળવણીદારોને લગત તરીકે ૨૦% વધારાની રકમ પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત જો અન્ય કોઈ ચાર્જ લાગુ પડતા હોય તો તે પણ ૧૦૦% એકીસાથે વસૂલ લઈ કરવાની નીતિ અમલમાં છે.

લગત પ્લોટ તરીકે "વોક-વે" ની માંગણી અંગે ગાંધીનગર વિજાણું વસાહતની કુલ ૭ અરજીઓ પડતર છે. અને તેઓની માંગણી અંદાજીત ૩૭૫૦ ચો.મી. થાય છે. વસાહતના વિકાસ નકશામાં જે જમીન "વોક-વે" તરીકે દર્શાવેલ છે તે જમીનને ઔદ્યોગિક હેતુમાં રૂપાંતર કરવા માટે તથા બાંધકામ માટે "ગુડા" ની જરૂરી મંજૂરી મેળવવાની થાય. સંદર્ભ દર્શિત ઠરાવથી "વોક-વે" તરીકે નીમ થયેલ જગ્યાને લગત તરીકે ફાળવણી કરવા માટે યોગ્ય ગણવાની મંજૂરી આપવામાં આવેલ છે. આવી ફાળવણી કરતી વખતે વર્તમાન પાર્કીંગની વ્યવસ્થાને પણ અસર ન થાય તે જોવાનુ રહેશે.

આવા પ્રકારની "વોક-વે" ની જમીન લગત તરીકે ફાળવણીની દરખાસ્ત અંગે નિર્ણય લેવાની સત્તા નિગમના ઉપા. અને વ.સં.શ્રીને સોંપવામાં આવેલ છે. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી (વિતરણ) ના નામ જોગ પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.......

<u>નકલ જયભારત સહ રવાના:</u>

- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ... તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો............ તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ.એન્ડએ.), જીઆઇડીસી, ગાંધીનગર.....નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું.
જનરલ મેનેજર (ઇ. એન્ડ એ.)

M (COMP)